# પ્રતિબંધિત 'એટોમિડેટ' વિદેશ મોકલવાના કૌભાંડમાં સુરતનો વેપારી ઝડપાયો

**એલોવેરા** પાઉડરનું લેબલ લગાવી એટોમિડેટ મોકલાતો હતો, સુરતના બેની શોધખોળ

અમદાવાદઃ વિદેશોમાં પ્રતિબંધિત સાયકોટ્રોપિક પદાર્થ 'એટોમિડેટ'નો જથ્થો એર કાર્ગો મારફતે મલેશિયા, થાઈલેન્ડ સહિતના દેશોમાં ગેરકાયદેસર રીતે મોકલવાના કૌભાંડનો ગુજરાત એટીએસ દ્વારા પર્દાફાશ કરી સુરતના નિકુંજ હરેશભાઈ ગઢિયા ( (ઉ.વ.28, રહે. બ્લયુ કેન્ડલ. કતારગામ)ની ધરપકડ કરી છે. જ્યારે અન્ય બેની સંડોવણી બહાર આવતા ધરપકડના ચક્રો ગતિમાન કર્યાં છે.

આ અંગે એટીએસના સુત્રોના જણાવ્યા પ્રમાણે ગુજરાત એટીએસના નાયબ પોલીસ અધિક્ષક હર્ષ ઉપાધ્યાયને બાતમી મળી હતી કે દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં પ્રતિબંધિત ગણાતું એનાલજેસિક ડ્રગ 'એટોમિડેટ' ખોટા બિલ, ખોટા કસ્ટમ્સ દસ્તાવેજો અને ખોટા લેબલના આધારે એર કાર્ગો મારફતે વિદેશ મોકલવામાં આવી રહ્યું છે.

બાતમીના આધારે તપાસ કરતા નિકુંજ હરેશભાઈ ગઢિયા પોતાની કંપનીઓ 'ડીડબ્લ્યુએન બાયોસાયન્સ', 'ન્યૂટ્રલ ફાર્મા' અને 'ઓમ હર્બ્સ' ના નામે, જ્યારે ભૌતિક દામજી પદમણીએ ( રહે. સંસ્કૃત એવન્યુ, સાયણ રોડ, અમરોલી સુરત)પોતાની 'જાની ફાર્મા' અને ચેતન કનુભાઈ વાવડિયા ( ઉ.વ. 47 આનંદધારા સોસાયટી મોટા વરાછા, સુરત) પોતાની 'રુદ્ર એન્ટરપ્રાઈઝ' મારફતે એટોમિડેટ પાવડરને અન્ય પદાર્થ તરીકે દર્શાવી મલેશિયા અને થાઈલેન્ડમાં મોકલી રહ્યા હતા.

આ આરોપીઓ દ્વારા એટોમિડેટ પાવડરને એલોવેરા પાવડર અથવા અન્ય દવા તરીકે ખોટું લેબલ લગાવી અને ખોટા દસ્તાવેજો તૈયાર કરી મુંબઈ એરપોર્ટથી એર કાર્ગો દ્વારા વિદેશ મોકલવામાં આવતું હતું. આ અંગે કસ્ટમ્સ વિભાગને જાણ કરાતા ફેડેક્સ કુરિયર મારફતે મોકલાયેલા પાર્સલો રોકી રાખવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન સ્પેક્ટ્રોગ્રાફી પરીક્ષણમાં પાર્સલોમાં પ્રતિબંધિત એટોમિડેટ પાવડર હોવાનું બહાર આવ્યું હતું.

પ્રાથિમક પુછપરછમાં એવી હકીકત સામે આવે હતી કે, નિકુંજ ગઢિયાએ પોતાની કંપનીના નામે આશરે ૫૦ કિલો જેટલું એટોમિડેટ પાવડર એલોવેરા પાવડર તરીકે ખોટું લેબલ લગાવી મલેશિયા મોકલ્યું હતું. ચેતન વાડિયાએ આશરે ૫૦ કિલો જેટલું એટોમિડેટ પાવડર અન્ય નામે મલેશિયા અને થાઈલેન્ડ મોકલ્યું હતું, જ્યારે ભૌતિક પડમણીએ આશરે ૨૫ કિલો જેટલું એટોમિડેટ પાવડર ખોટા લેબલ સાથે મલેશિયા અને થાઈલેન્ડ મોકલ્યું હોવાનું સામે આવ્યું છે.

આ પદાર્થના પાર્સલો વિદેશમાં પ્રતિ કિલો અંદાજે ૪૦૦૦થી ૫૦૦૦ અમેરિકન ડોલરના ભાવમાં વેચાતા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. થાઈલેન્ડ પોલીસે પણ કેટલાક પાર્સલો જપ્ત કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

આ મામલે એટીએસની ટીમે ગુનો નોંધી નિકુંજ હરેશભાઈ ગઢિયા (ઉંમર ૨૮)ની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય આરોપીઓ ચેતન કનુભાઈ વાવડિયા અને ભૌતિક દામજી પદમણી સહિત આ આંતરરાષ્ટ્રીય કૌભાંડમાં સંડોવાયેલા અન્ય આરોપીઓ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## પિતાના મિત્રની હત્યા કરનારા યુવકને આજીવન કેદની સજા

સુરતઃ સાથે રહેતા પિતાનાં મિત્રએ જમવાનું બનાવવાની ના પાડતા હથોડી મારી હત્યા કરનાર આરોપી ચેતન ઉર્ફે ચેતલા મુલચંદ ગુપ્તાને કોર્ટે આજીવન કેદની સખત સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. લિંબાયતમાં ૩૧ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ બનેલાં આ બનાવની વિગતો એવી હતી કે મરણજનાર શબ્બીર ઉર્ફે પપ્પુ ખાન આરોપી ચેતનના પિતા મુલચંદ ગુપ્તાના મિત્ર હતા અને મુલચંદ ગુપ્તાના ઘરે જ રહેતા હતા. શબ્બીર ઘરકામમાં મદદ કરતો ન હોવાથી આરોપી નારાજ રહેતો હતો. બનાવનાં દિવસે આરોપી ચેતને શબ્બીરને જમવાનું બનાવવાનું કહેતાં તેણે ના પાડી હતી. જેથી બંને વચ્ચે બોલાચાલી થતાં આરોપીએ હથોડીનાં ઘા ઝીંકી દીધા હતા. સારવાર દરમિયાન શબ્બીરનું મુત્યુ થતાં પોલીસે ચેતન વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી દરમિયાન કોર્ટમાં સરકારી વકીલ વિશાલ ફળદૂની દલીલો અને તબીબી પુરાવાઓને ગ્રાહ્ય રાખી સેસન્શ કોર્ટે આરોપી ચેતન ગુપ્તાને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી.

## ચેક રિટર્નના કેસમાં મુંબઈના બિલ્ડરને એક વર્ષની જેલ

સુરતઃ ઈનવેસ્ટમેન્ટ કન્સલ્ટન્ટ મિત્ર પાસેથી લીધેલાં હાથ ઉછીના રૂપિયા પરત કરવા મુંબઈ નાલાસોપારાનાં બિલ્ડરે આપેલાં ચેક રિટર્ન થવાના કેસમાં આરોપી બિલ્ડરને કોર્ટે એક વર્ષની સજા ફટકારી છે. મુંબઈના મલાડમાં રહેતાં ફરિયાદી નિલેશ નરોત્તમભાઈ તરસળીયા પાસેથી મિત્ર રાજમન શંકર યાદવ (રહે. નાલાસોપારા)એ ધંધાકીય કામ અર્થે રૂા.૪,૦૦,૦૦૦ હાથ ઉછીના લીધાં હતાં. ફરિયાદીએ લેણી રકમની ઉઘરાણી કરતા આરોપીએ ચેક આપ્યો હતો. જે ચેક ફરિયાદીએ સુરતની બેન્કના એકાઉન્ટમાં જમા કરાવ્યો હતો. તે ચેક રિટર્ન થતા, ફરિયાદીએ કાયદેસરની કાર્યવાહી કરી હતી. ફરિયાદીએ વકીલ ધર્મેશ એમ. ગાંધી તથા હેમાંશુ યુ. મહેતા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્મોલકોઝ કોર્ટના જડ્જ એ. એન. પટેલની કોર્ટમાં ચાલી હતી. બંને પક્ષની દલીલો-રજૂઆત સાંભળ્યા બાદ કોર્ટે આરોપી રાજમન શંકર યાદવને એક વર્ષની સજા અને રકમ વ્યાજ સહિત ચૂકવવા હુકમ કર્યો છે. ચુકાદા વખતે આરોપી હાજર ન હોવાથી કોર્ટે વોરંટ જારી કર્યું છે.

# T-20 વર્લ્ડ કપ ફાઈનલ માટે અમદાવાદના કેટલાક માર્ગ બંધ

**આજે** સ્ટેડિયમમાં બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડની 4 અને એનડીઆરએફની 1 ટીમ તૈનાત રહેશે

અમદાવાદ : અમદાવાદના મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આવતીકાલ તા 8મી માર્ચના રોજ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ટી-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચ યોજાનાર છે. આ હાઈપ્રોફાઈલ મેચને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસ દ્વારા સ્ટેડિયમ અને આસપાસના વિસ્તારોમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મેચ દરમિયાન સુરક્ષામાં 2000થી વધુ પોલીસકર્મીઓ તૈનાત રહેશે. સ્ટેડિયમા અને તેની આસપાસના પોલીસ બંદોબસ્તમાં 7 ડીસીપી, 10 એસીપી અને 25 પો.ઈ. સહિત કુલ 78 પો.સ.ઈ. અને 1470 પોલીસકર્મીઓ સ્ટેડિયમ વિસ્તારમાં ફરજ બજાવશે. ઉપરાંત સ્ટેડિયમમાં બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડની 4 ટીમ અને એનડીઆરએફની 1 ટીમ તૈનાત રહેશે. સ્ટેડિયમની સુરક્ષા માટે ખાસ કંટ્રોલ રૂમ પણ તૈયાર કરવામાં આવ્યો છે. આ કંટ્રોલ રૂમ મારફતે સ્ટેડિયમમાં લગાવવામાં આવેલા 270 કેમેરાથી સતત મોનિટરિંગ કરવામાં આવશે. ફાઈનલ મેચ જોવા માટે વીવીઆઈપી-વિઆઈપી સહિત કુલ 1 લાખથી વધુ દર્શકો આવવાની શક્યતા છે. મોટી સંખ્યામાં દર્શકો આવવાના કારણે ગેટ નંબર 1 પાસે ધક્કામુક્કી ન થાય તે માટે ગેટથી લગભગ 100 મીટર દૂર બેરિકેટિંગ કરવામાં આવશે. સ્ટેડિયમ આસપાસ આડેધડ પાર્કિંગને કારણે ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે માટે 16 ટ્રાફિક ક્રેન સતત પેટ્રોલિંગ કરશે અને નો-પાર્કિંગ ઝોનમાં ઉભા કરાયેલા વાહનોને ટોઈંગ કરશે. ટ્રાફિક વ્યવસ્થાને સુચારૂ રાખવા માટે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ટ્રાફિક સંચાલન માટે 1 જેસીપી, 3 ડીસીપી, 4 એસીપી, 11 પો.ઈ અને 25 પોસઈ સહિત કુલ 744 અધિકારી-કર્મીઓ તૈનાત રહેશે. ઉપરાંત પોલીસકર્મી અને ટીઆરબી સહિત લગભગ 700 જવાનો ટ્રાફિક નિયમન માટે ફરજ બજાવશે.

### સ્ટેડિયમ સુધી જવા માટે વૈકલ્પિક માર્ગો

1. તપોવન સર્કલથી ઓએનજીસી ચાર રસ્તા - વિસત ટી - જનપથ ટી - પાવર હાઉસ ચાર રસ્તા - પ્રબોધ રાવળ સર્કલ સુધીના માર્ગ પરથી વાહનોની અવરજવર કરી શકાશે.
2. કૃપા રેસીડેન્સી ટી - શરણ સ્ટેટસ ચાર રસ્તા - ભાટ કોટેશ્વર રોડ - એપોલો સર્કલ તરફ અવરજવર કરી શકાશે.
3. જનપથ ટીથી મોટેરા સ્ટેડિયમ મુખ્ય ગેટ થઇ કૃપા રેસિડેન્સી ટીથી મોટેરા ગામ ટી સુધીનો આવતો-જતો માર્ગ સવારે 10 વાગ્યાથી મોડી રાત્રે 2 વાગ્યા સુધી વાહનોની અવરજવર માટે પ્રતિબંધિત રહેશે.

# નીતીશકુમારના રાજીનામા અને NEET વિદ્યાર્થિનીના અપમૃત્યુ કેસ વચ્ચે શું સંબંધ છે

લગભગ વીસ વર્ષ સુધી બિહારના મુખ્ય મંત્રીપદ પર ચીટકી રહ્યા પછી નીતીશકુમારે રાજીનામું આપ્યું તેનું કારણ પડદા પાછળ બની ગયેલી કેટલીક ઘટનાઓ હોવાનું માનવામાં આવી રહ્યું છે. બિહારના નિવૃત્ત આઈપીએસ અધિકારી અમિતાભ દાસે ગંભીર આરોપ લગાવ્યો છે કે નીતીશકુમારના પુત્ર નિશાંત કુમાર પટનામાં NEET ની પરીક્ષા આપી રહેલી વિદ્યાર્થિનીના કથિત બળાત્કાર અને અપમૃત્યુ કેસમાં સંડોવાયા હોવાને કારણે નીતીશકુમારને રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી હતી. મેડિકલ પ્રવેશ પરીક્ષાની તૈયારી કરી રહેલી NEET ની વિદ્યાર્થિની જાન્યુઆરી મહિનાની શરૂઆતમાં પટનાના ચિત્રગુપ્ત નગરમાં એક ખાનગી કન્યા છાત્રાલયમાં તેના રૂમમાં બેભાન અવસ્થામાં મળી આવી હતી. તે પરીક્ષા માટે કોચિંગ મેળવવા માટે ત્યાં રહી હતી. ઘણા દિવસો સુધી કોમામાં રહ્યા બાદ ૧૧ જાન્યુઆરીના રોજ એક ખાનગી હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું હતું. છોકરીના પરિવારે આરોપ લગાવ્યો કે તેના પર જાતીય હુમલો કરવામાં આવ્યો હતો અને અધિકારીઓ આ મામલો દબાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. શોકગ્રસ્ત માતા-પિતા, પરિવારના અન્ય ઘણા સભ્યો સાથે DGP ને મળવા ગયા હતા, પરંતુ ફક્ત માતાપિતાને જ તેમને મળવા દેવામાં આવ્યાં હતાં. બિહાર સરકારે વિદ્યાર્થિનીના જાતીય શોષણના આરોપો બાદ થયેલા મૃત્યુની CBI તપાસની ભલામણ કરી છે. રાજ્યના ગૃહ વિભાગે દિલ્હી સ્પેશ્યલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ (DSPE) એક્ટ હેઠળ CBI તપાસની ભલામણ કરતું એક જાહેરનામું બહાર પાડ્યું છે. કેન્દ્ર સરકારનો કર્મચારી અને તાલીમ વિભાગ (DoPT) એક જાહેરનામું બહાર પાડશે, જે CBI માટે રાજ્ય સંબંધિત કેસોની તપાસ કરવાનું ફરજિયાત છે. એજન્સીના અધિકારીઓ રાજ્ય પોલીસ દ્વારા મેળવેલા તમામ પુરાવા એકત્રિત કરશે અને શંકાસ્પદો, ધરપકડ કરાયેલ વ્યક્તિ, હોસ્પિટલ સ્ટાફ, પરિવારનાં સભ્યો અને પોલીસકર્મીઓનાં નિવેદનો પણ રેકોર્ડ કરશે, જેમણે શરૂઆતમાં કેસની તપાસ કરી હતી અને તેને આત્મહત્યાનો કેસ ગણાવ્યો હતો.

બિહારની રાજધાની પટનામાં હેડલાઇન્સમાં રહેલા એક કેસમાં શુક્રવારે સાંજે નવો વળાંક આવ્યો, જ્યારે પટના પોલીસે ભૂતપૂર્વ IPS અધિકારી અમિતાભ કુમાર દાસની ધરપકડ કરી હતી. પટનામાં NEET ના વિદ્યાર્થીના મૃત્યુ અંગે તેમણે અનેક વિવાદાસ્પદ અને ભડકાઉ નિવેદનો આપ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી, જેની સામે પોલીસે ચિત્રગુપ્ત નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને કેસ નોંધ્યો હતો. પોલીસે અમિતાભ દાસના નિવાસસ્થાને પણ મોટો દરોડો પાડ્યો હતો, જેમાં અનેક દસ્તાવેજો અને સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. ભૂતપૂર્વ IPS અધિકારી અમિતાભ દાસે ખુલ્લેઆમ આરોપ લગાવ્યો હતો કે વિધાનસભાના નેતા અને મુખ્ય મંત્રી નીતીશકુમારના પુત્ર નિશાંતકુમાર આ કેસમાં સંડોવાયેલા હોઈ શકે છે અને સત્યને ઉજાગર કરવા માટે તેમનો DNA ટેસ્ટ જરૂરી છે. આ આરોપે રાજકીય અને ન્યાયિક બંને રીતે નોંધપાત્ર વિવાદ અને પ્રતિક્રિયાઓ ઊભી કરી હતી. પોલીસે તેમના નિવેદનને ઉશ્કેરણીજનક અને તપાસને પ્રભાવિત કરનાર તરીકે ફગાવી દીધું હતું અને ત્યાર બાદ તેમની સામે FIR દાખલ કરી હતી.



નીતીશકુમારનાં રાજીનામાં પછી આખા દેશની નજર આ કેસની ગતિવિધિ ઉપર મંડાણી છે. પોલીસના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થિની ૫ જાન્યુઆરીએ જહાનાબાદથી મુન્નાચક સ્થિત હોસ્ટેલમાં રહેવા આવી હતી. ૬ જાન્યુઆરીએ તે તેની રૂમમાં બેભાન હાલતમાં મળી આવી હતી અને ત્યાર બાદ તેને કદમકુઆન પોલીસ સ્ટેશન વિસ્તારની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યારે તેની હાલત વધુ ખરાબ થઈ ગઈ, ત્યારે તેને કાંકરબાગની બીજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તે કોમામાં સરી પડી હતી અને તેનું મૃત્યુ થયું હતું. વિદ્યાર્થિનીના પિતાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેની પુત્રી પર બળાત્કાર કરવામાં આવ્યો છે. પટનાના ચિત્રગુપ્ત નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ગર્લ્સ હોસ્ટેલમાં NEET ની પરીક્ષા આપતી એક વિદ્યાર્થિનીના મૃત્યુનો મામલો મંગળવારે ત્યારે વધુ ઉગ્ર બન્યો જ્યારે પરિવારના સભ્યોએ કારગિલ ચોક પર તેના મૃતદેહ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. પરિવારનો આરોપ છે કે વિદ્યાર્થીની પર બળાત્કાર અને મારપીટ કરવામાં આવી હતી, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું. વિરોધને કારણે કારગિલ ચોક પર ટ્રાફિક સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો હતો અને વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. માહિતી મળતાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને તેમણે પરિવારનાં સભ્યોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેઓ આરોપીઓની તાત્કાલિક ધરપકડની માંગણી પર અડગ રહ્યા હતા. પરિસ્થિતિને પહોંચી વળવા માટે વધારાના પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યાં હતાં.

પટનામાં એક હોસ્ટેલમાં હત્યા કરાયેલી ૧૮ વર્ષની NEET વિદ્યાર્થીનીના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં બળાત્કારની પુષ્ટિ થઈ છે. તેમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તેણીને મૃત્યુ પહેલાં તેના આખા શરીર પર ઈજાનાં નિશાન જોવા મળ્યાં હતાં અને તેનું મૃત્યુ કુદરતી નહોતું. પોલીસે જણાવ્યું હતું કે તેણીના ગુપ્ત ભાગોમાં ઈજાઓ થઈ હતી. તેના શરીર અને ગળા પર ઉઝરડા હતા અને તેના પર ભારે દબાણ હોવાનાં નિશાન હતાં, એમ ઓટોપ્સી રિપોર્ટમાં જણાવાયું છે. ઈજાઓના પ્રકારને જોતાં વિદ્યાર્થીએ સખત લડત આપી હતી અને શક્ય તેટલા બધા રીતે હુમલાનો પ્રતિકાર કર્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃત્યુનું કારણ ગળું દબાવવાથી અથવા ગૂંગળામણથી દર્શાવવામાં આવ્યું હતું, જે તેણીની હત્યાના આરોપને સમર્થન આપે છે. સૌથી મોટો પુરાવો ફોરેન્સિક રિપોર્ટમાંથી આવ્યો હતો, જેમાં તેના કપડાં પર શુક્રાણુના નમૂના મળ્યા હતા. ડીએનએ પરીક્ષણમાં જાતીય હુમલાની પુષ્ટિ થઈ છે. જે રૂમમાંથી તેનો મૃતદેહ મળ્યો હતો ત્યાંથી વીર્ય અને લોહીના નમૂના પણ મળી આવ્યા હતા. રૂમમાંથી તેનાં ફાટેલાં કપડાં મળી આવ્યાં હતાં.

આ નમૂનાનો ઉપયોગ ધરપકડ કરાયેલા આરોપીના ડીએનએ તેમજ ખાસ તપાસ ટીમ દ્વારા ઓળખાયેલા શંકાસ્પદો સાથે મેચ કરવા માટે કરવામાં આવશે. ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ બિહાર સરકાર હરકતમાં આવી ગઈ હતી. ગૃહમંત્રી સમ્રાટ ચૌધરીએ પોલીસ વડા અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે વાત કરી હતી અને તેમને વિદ્યાર્થિની પર બળાત્કાર અને હત્યા પાછળનાં લોકોની ધરપકડ કરવા સૂચના આપી હતી. સરકારે કહ્યું કે તે ખાતરી કરશે કે પોલીસ આ કેસને ટૂંક સમયમાં ઉકેલી નાખે. રવિવારે બે પોલીસ અધિકારીઓ રોશની કુમારી અને હેમંત ઝાને વિલંબિત કાર્યવાહી અને સમયસર ગુપ્ત માહિતી એકત્રિત કરવામાં નિષ્ફળતા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા બાદ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ કહ્યું છે કે બિહાર સરકાર આ કેસમાં ન્યાય સુનિશ્ચિત કરવા માટે તમામ પગલાં લઈ રહી છે. SIT ઉપરાંત, CBI એ આ કેસ પોતાના હાથમાં લઈ લીધો છે. જન સુરાજના સ્થાપક પ્રશાંત કિશોરે કહ્યું છે કે તેમની પાર્ટી હત્યા કરાયેલી વિદ્યાર્થીનીના પરિવારના સભ્યોને તમામ કાનૂની સહાય પૂરી પાડશે. તે પટનાના ચિત્રગુપ્ત નગરમાં એક ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી હતી અને મેડિકલ પ્રવેશ પરીક્ષાની તૈયારી કરી રહી હતી. શહેરની એક હોસ્પિટલમાં ઘણા દિવસો સુધી કોમામાં રહ્યા બાદ ૧૧ જાન્યુઆરીએ તેનું અવસાન થયું હતું.

તેણીના મૃત્યુના પગલે પટનામાં ભારે વિરોધ પ્રદર્શન થયા હતા, જેના પગલે પટનાની પોલીસે ગર્લ્સ હોસ્ટેલના માલિકની ધરપકડ કરી હતી. વિદ્યાર્થીનીનાં માતાપિતા દ્વારા આરોપ લગાડવામાં આવ્યો હતો કે પોલીસ કેસને રફેદફે કરવાની કોશિષ કરી રહી છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

ટુ ધ પોઇન્ટ ■ સમકિત શાહ ■

**પટનાની ગર્લ્સ હોસ્ટેલમાં NEET પરીક્ષાની તૈયારી કરી રહેલી જહાનાબાદની વિદ્યાર્થિનીના શંકાસ્પદ મૃત્યુથી બિહારના રાજકારણમાં કટોકટી પેદા થઈ છે**

# BUSINESS મિત્ર

**યુદ્ધની આગમાં શેરબજાર ખાખ: ક્રૂડમાં ઉછાળો અને FIIની વેચવાલીથી રોકાણકારોના અબજો ધોવાયા**

# સેન્સેક્સ-નિફ્ટીમાં વર્ષનો સૌથી મોટો સાપ્તાહિક કડાકો

**રૂપિયો** વિક્રમી નીચલા સ્તરે લપસ્યોઃ મિડકેપ-સ્મોલકેપ શેરોમાં દબાણ જોવાયું

**આગામી** સપ્તાહમાં ભારતીય શેરબજારમાં અસ્થિરતા ચાલુ રહેશે અને વધઘટે નીચે સરકતું જોવાશે

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 7:** યુએસ, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા ભૌગોલિક રાજકીય તણાવને કારણે ભારતીય શેરબજાર દબાણ હેઠળ હતું, જેનું મુખ્ય કારણ ક્રુડ ઓઈલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો. નબળા વૈશ્વિક સંકેતો, રૂપિયો ઘટી રહ્યો હોવાના કારણે એફઆઈઆઈના સતત વેચાણે રોકાણકારોના સેન્ટિમેન્ટને વધુ અસર કરી છે. જેના કારણે વિતેલા સપ્તાહિક સ્તરે બીએસઈ સેન્સેક્સ 2368.29 પોઈન્ટ એટલે કે 2.91 ટકા ઘટીને 79000 પોઈન્ટ તોડીને 78918.90 પોઈન્ટ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી 728.20 પોઈન્ટ એટલે કે 2.89 ટકા ઘટીને 24500 પોઈન્ટની સપાટી તોડીને 24450.45 પોઈન્ટ પર બંધ થઈ હતી.

વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ તથા નિફ્ટીએ એક વર્ષનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો કર્યો છે, જેની પાછળ ઈરાન સામે યુએસ અને ઈઝરાયેલના યુદ્ધ કારણભૂત રહ્યું છે. જોકે, હજુય પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. જેથી વધઘટે આ ઘટાડો આગળ વધી શકે તેવી પુરેપુરી શકયતા જોવાઈ રહી છે. એટલું જ નહીં, સેન્સેક્સ અને નિફ્ટીએ ટેકનીકલી પણ તમામ સપોર્ટ લેવલ તોડી નાંખ્યા છે, જેથી આ લેવલ વધુ નીચે જાય તેવું માનવામાં આવી રહ્યું છે. ગત સપ્તાહમાં ટુંકા સત્ર દરમ્યાન લાર્જકેપ શેરોમાં વધુ દબાણ રહ્યું હતું, પણ તેની સાથે બ્રોડર માર્કેટમાં પણ દબાણ જોવાયું હતું.

વિતેલા સપ્તાહમાં બીએસઈના સ્મોલકેપ ઈન્ડેક્સમાં 3.3 ટકાનો ઘટાડો થયો હતો. જેમાં ઈન્ફોબીન્સ ટેક્નોલોજીસ, વર્થ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટ્રેડિંગ, ઓર્કિડ ફાર્મા, સાધના નાઈટ્રોકેમ, રાજેશ એક્સપોર્ટ્સ, નેટવેબ ટેક્નોલોજીસ ઈન્ડિયા, અગ્રવાલ ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન, જેટીએલ ઈન્ડસ્ટ્રીઝ, ડીપી અભૂષણ, સ્ટેલિયન ઈન્ડિયા ફ્લોરોકેમિકલ્સમાં 15થી 25 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

જ્યારે જિંદાલ પોલી ફિલ્મ્સ, જિંદાલ ડ્રિલિંગ ઈન્ડસ્ટ્રીઝ, હિન્દુસ્તાન ઓઈલ એક્સપ્લોરેશન કંપની, રૂબી મિલ્સ, પારસ ડિફેન્સ એન્ડ સ્પેસ ટેક્નોલોજીસ, એન્ટેલોપસ સેલાન એનર્જી, એક્સ્ટેલ ઈન્ડસ્ટ્રીઝ, સ્ટરલાઈટ ટેક્નોલોજી અને જ્યુપિટર વેગન્સમાં 12થી 25 ટકાનો વધારો જોવા મળ્યો હતો.

બીએસઈનો લાર્જકેપ ઈન્ડેક્સ 3 ટકા ઘટ્યો હતો. આઈઓસી, લોઢા ડેવલપર્સ, અદાણી ગ્રીન એનર્જી, ઈન્ટરગ્લોબ એવિએશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, બોશ, ગેલ ઈન્ડિયા, ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, બેંક ઓફ બરોડામાં 8થી 10 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ સોલર ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા, મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, સન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝ લાર્જ કેપના ટોપ ગેનર્સ હતા.

બીએસઈનો મિડકેપ ઈન્ડેક્સ 3 ટકા ઘટ્યો હતો. એજીસ વોપાક ટર્મિનલ્સ, પેટ્રોનેટ એલએનજી, રેલ વિકાસ નિગમ, એલટી ટેક્નોલોજી સર્વિસિસ, કેપીઆઈટી ટેક્નોલોજીસ, બેન્ક ઓફ ઈન્ડિયા મિડકેપ સૌથી વધુ નુકસાન પામ્યા હતા. નેશનલ એલ્યુમિનિયમ કંપની, યુનાઈટેડ બ્રુઅરીઝ, ભારત ડાયનેમિક્સ, જેએસડબ્લ્યુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટોપ ગેઈનર્સ હતા.

વિતેલા સપ્તાહમાં મોટાભાગના સેકટરો લાલ રંગમાં બંધ થયા હતા. જેમાં નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 6.5 ટકા, નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 5 ટકા, નિફ્ટી બેન્ક ઈન્ડેક્સ 4.5 ટકા, નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 4.3 ટકા અને નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ 4 ટકા છે. જોકે, નિફ્ટી ડિફેન્સ ઈન્ડેક્સ આ ટ્રેન્ડના વિપરીત દેખાવમાં લગભગ 5 ટકા વધીને બંધ રહ્યો હતો.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ 21831.19 કરોડ રૂપિયાના શેરનું વેચાણ કર્યું હતું, જે સતત ત્રીજા સપ્તાહમાં વેચાણનો સીલસીલો ચાલુ રાખ્યો હતો. દરમિયાન, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો ચોખ્ખા ખરીદદારો રહ્યા હતા, સપ્તાહ દરમિયાન રૂપિયા 32786.92 કરોડના શેરની ખરીદી કરી હતી.

ક્રુડ ઓઈલના વધતા ભાવો વચ્ચે વિતેલા અઠવાડિયે અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો સર્વકાલીન તળિયે પહોંચ્યો હતો. જો કે, તે સારી રીતે રિકવર થયું હતું અને 27 માર્ચે 90.97ની તુલનામાં સપ્તાહના અંતે 77 પૈસા ઘટીને 91.74 પર બંધ થયું હતું. સપ્તાહ દરમિયાન સ્થાનિક ચલણ91.22થી 92.30ના બેન્ડમાં રહ્યું હતું.

# 'મીશો' મુશ્કેલીમાં: આઈટી વિભાગે ફટકારી 1500 કરોડની નોટિસ

**ટેક્સ** ડિમાન્ડ સામે કંપની કાનૂની જંગ લડશે

નવી દિલ્હી, તા. 7: ઈ-કોમર્સ માર્કેટપ્લેસ મીશોને આકારણી વર્ષ 2023-24 માટે લગભગ 1500 કરોડ રૂપિયાની આવકવેરા માંગ નોટિસ મળી છે. કંપનીએ એક્સચેન્જ ફાઈલિંગમાં કહ્યું હતું કે તે આ આદેશને પડકારશે. આવકવેરા વિભાગના એસેસમેન્ટ યુનિટ દ્વારા આવકવેરા અધિનિયમની કલમ 156 હેઠળ આ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. સાથે જ કંપનીને આવકવેરા કાયદાની કલમ 143 (3) હેઠળ આકારણી આદેશ જારી કરવામાં આવ્યો છે.

મીશોના જણાવ્યા અનુસાર, આવકવેરા વિભાગે તેમની પાસેથી લગભગ 1500 કરોડ રૂપિયાનો આવકવેરો માંગ્યો છે. તેમાં વ્યાજ પણ શામેલ છે. કંપનીએ કહ્યું છે કે તે આકારણી હુકમમાં કરવામાં આવેલા નિરીક્ષણો અને ગોઠવણો સાથે સહમત નથી અને માંગને પડકારવાની યોજના બનાવી રહી છે.

કંપનીનું માનવું છે કે કાયદા અને તથ્યોના આધારે તેના મુદ્દાને ન્યાયી ઠેરવવા માટે તેની પાસે પૂરતા કારણો છે. તે તેના હિતોની રક્ષા માટે જરૂરી પગલાં લઈ રહી છે. કંપનીએ એમ પણ કહ્યું હતું કે આ ઓર્ડરથી તેની નાણાકીય સ્થિતિ, કામગીરી અથવા અન્ય પ્રવૃત્તિઓ પર કોઈ મોટી પ્રતિકૂળ અસર પડશે નહીં.

મીશોની શરૂઆત 2015માં વિદિત આત્રે અને સંજીવ બરનવાલ દ્વારા કરવામાં આવી હતી. કંપની ડિસેમ્બર 2025માં સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ થઈ હતી. તેનો 5421.20 કરોડ રૂપિયાનો આઈપીઓ 81.76 ગણો ભર્યો હતો.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

# GST ભરવાનાં થયેલ ભૂલ પાછળ, કોઈ બદ-ઈરાદો ન હોય તો તેવી ભૂલ સુધારવા તક આપવા ફરમાવતો

## GST એપેલેટ ટ્રિબ્યુનલ દિલ્હીનો.. પહેલો સરસ ચૂકાદો

**કાયદાની કેડીએ...** ઈશ્વર રૂદલાલ

જ્યારે GST ભરવામાં થયેલ ભૂલ પાછળ કરચોરીનો કોઈ બદ-ઈરાદો ન હોય ત્યારે.. તેવી ભૂલ સુધારવા કરદાતાને તક આપવા ફરીથી નિર્ણય કરવા યોગ્ય અધિકારોને રિમાન્ડ કરતો... 8 વર્ષ બાદ શરૂ થયેલી GST એપેલેટ ટ્રિબ્યુનલ, પ્રિન્સીપલ બેન્ચ, ન્યુ દિલ્હીના સ્ટેરલીંગ એન્ડ વિલ્સન પ્રા.લી. વિ. કમિશનર ઓડિસાના APL/1/DB/2026ના પહેલા ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો....

**હકીકત...**

વર્ષ 2018-19 માટે અરજદાર કંપની દ્વારા ફોર્મ GST-1ની સરખામણીમાં ફોર્મ GSTR-3Bમાં રૂા. 27 લાખ જેટલી ઓછી વેરાકિય જવાબદારીને કારણે અધિકારી દ્વારા કલમ 74 હેઠળ તા. 26-4-20નો આદેશ પસાર કરીને રૂા. 27,06634નો વેરો, રૂા. 11,04,581નું વ્યાજ અને રૂા. 27,06,634નો દંડ મળી કુલ રૂા. 65,17,849નું માંગણુ ઊભુ કરતો આદેશ પસાર કરવામાં આવ્યો. આ આદેશ સામે, પ્રથમ અપીલમાં અપીલ અધિકારીએ ઠરાવ્યું કે કરચોરી કરવાનો કંપનીનો કોઈ બદ-ઈરાદો હતો નહી. કારણકે બંને GST જે તફાવત હતો તે માટે કંપનીએ ડેબીટ અને ક્રેડીટનોટ આપીને ચોપડે નોંધેલ હતી. આમ છતાં- ડેબીટ અને ક્રેડિટ નોટને GSTમાં યોગ્ય રીતે દર્શાવીને કે વાર્ષિક પત્રકમાં મેળવણી કરીને દર્શાવિલ ન હતી. તેમજ કંપનીએ આપેલ ક્રેડિટ નોટને કારણે, તેને પ્રાપ્ત કરનારે તેની ટેક્સ ક્રેડિટ ઘટાડેલ હતી. તેવુ સાબિત કરવામાં આવેલ ન હતું, એમ જણાવી, અપીલ અધિકારીએ કલમ 74 હેઠળ પસાર કરેલ આદેશને, કલમ 73નો આદેશ કરાવીને, દંડની રકમ 100%થી ઘટાડી 10% કરી, માંગણાની રકમ ઘટાડતો તા. 6-9-22નો આદેશ પસાર કર્યો હતો, જે સામે કંપનીએ GST ટ્રિબ્યુનલ સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ.

**રજૂઆત**

અરજદાર કંપની તરફથી રજૂઆત કરતાં જણાવવામાં આવ્યું કે ફોજ GSTR-1 અને 3B વચ્ચે જે તફાવત હતો તે તેમના દ્વારા આપવામાં આવેલ ક્રેડિટનોટ અને મળેલ એડવાન્સના એજસ્ટમેન્ટને કારણે હતો, જે તેઓ સિસ્ટમની મર્યાદાઓને કારણે સુધારી શક્યા ન હતા. પરંતુ આ બાબતને લગતી નોંધ ચોપડે કરવામાં આવેલ અને તેને 300 માં સ્વીકારવામાં આવેલ. આમાં કરચોરીનો કોઈ અવકાશ હતો નહી. આ એક કલેરાકલ ભૂલ ગણી શકાય, કે જે એવા સમયે થયેલ કે જ્યારે ઓનલાઈન પત્રકો ભરવાની પદ્ધતિ સંપૂર્ણપણે કાર્યરત થયેલ ન હતી. GSTમાં સમેચના કારણે ચોપડા સાથે મેળવણી કર્યા વગર કંપની સામે ઊભું કરવામાં આવેલ માંગણું ગેરકાયદેસરનું છે.

**ચૂકાદો..**

મા. ટ્રીબ્યુનલે ચૂકાદો આપતા નોંધ લીધી કે અસલ આદેશ કલમ 74 હેઠળ કરવામાં આવેલ અને તેમના મત મુજબ, તે અયોગ્ય હતો ત્યારે કલમ 73 હેઠળનો આદેશ જે અધિકારીએ કલમ 74 હેઠળના આદેશ કરવા નોટિસ આપેલ તેજ અધિકારી કરી શકે. તો ટ્રીબ્યુનલે બ્રાન્ચની નોંધ લીધી કે GST કાયદો ઊભો કરાયો છે અને પ્રમાણિક કરદાતોના બચાવ કરવો જોઈએ અને શરૂઆતના સમયમાં GST ભરવા માટે વ્યવસાયિકો પારંગત ન હોય શકે. વળી રજૂઆતના સમયના GST મેન્યુઅલી દાખલ કરવામાં આવતા હતા જ્યારે રિટર્ન ભરવા માટે ઓટો પોપ્યુલેટેડ અને ડિજીટલ પદ્ધતિ અમલમા ન હતી. આ સંજોગોમાં કલેરીકલ ભૂલ સભંવિત છે એમ જણાવી, કલમ 74નો આદેશ કલમ 73માં નવદીલ કરવાનો નિર્ણય કાયમ રાખીને કેસ અંગે ફરીથી નિર્ણય કરવા યોગ્ય અધિકારીને રિમાન્ડ કર્યો અને કંપનીને એક મહિનાના સમયમાંGST સુધારવા માટે એજી કરવા પરવાનગી આપેલ.

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૫૮૫૦ |
| તેજાબી સોનું | ૧૬૫૭૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૭૫૬૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૬૨૫૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૫૮૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૩૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૪૫૦૦ |